# ૪.૧૦ સમ્યક્ત્વ એક (વિવેકપૂર્ણદષ્ટિ)પરિશીલન

આ કાળમાં માનવજન્મની સાર્થકતાનું એકમાત્ર સાધન સમ્યગ્ દર્શન છે. જો તેની પ્રાપ્તિ થઈ હોય, તો તેના રક્ષણ માટે સંસારત્યજવો, એ જ ભવના અંતનો ઉપાય છે, તેમ ન થઈ શકે તો શ્રાવકાચારનું ઉત્તમ પ્રકારે પાલન કરી, ઉપાદાનને શુદ્ધ રાખવા શ્રમ કરવો, તે દ્વારા દઢ થયેલા સંસ્કાર જીવને જન્માંતરે પણ ધર્મપ્રાપ્તિનાં સાધનો સુધી પહોંચાડશે. સત્ ધર્મના સંસ્કારબળ માટે જીવાદિનું પરિજ્ઞાન ઘણું આવશ્યક છે. તે કઠણ છે કે અઘરું છે, તેમ કહી તેનાથી વિમુખ રહેવું નહિ. કારણ કે આવી સામગ્રી મનુષ્યને જ મળે છે. તે માટે ઉલ્લાસપૂર્વક જ્ઞાન-આરાધના કરવી. જિજ્ઞાસુ જીવે સંસારભાવ અને તેની પ્રવૃત્તિને ગૌણ કરીને પણ સમ્યગ્ દર્શન જ્ઞાનની ઉપાસના કરવી.

## સમકિત મોક્ષ (વિશેષ વિવરણ) પ્રાપ્તિ સ્વરૂપ.

સમસ્ત વિશ્વનું અવલોકન કરતાં બે તત્ત્વની મુખ્યતા જણાશે. તે છે 'જીવ' અને 'જડ'. જો આ બે તત્ત્વો ન હોય તો વિશ્વ શૂન્ય છે. જીવ વગર જડ અને જડ વગર ભૌતિક જગની વિચિત્રતા અને વિવિધતા પણ શૂન્ય છે. જડના સંપર્ક વગર સિદ્ધલોક પણ અસ્તિત્વ ધરાવતું નથી. ભલે તેઓ અશરીરી છે, પણ લોકાગ્રે અર્થાત્ આકાશ-પ્રદેશમાં છે. કાળની અપેક્ષાએ અનંતકાળ રહેવાના છે. અર્થાત્ જીવ અને જડનો સાંયોગિક સંબંધ રહેલો છે.

અજ્ઞાનવશ જીવ સંસારની ચારે ગતિમાં રખડે છે; કારણકે તેને પાંચમી ગતિ, શાશ્વત ગતિનો પરિચય નથી કે શ્રદ્ધા નથી. અજ્ઞાનવશ જીવ દેહભાવને કારણે કે મિથ્યાત્વાદિ હેતુઓ વડે, પુણ્ય અને પાપ જેવા આશ્રવોને વશ થાય છે અને મિથ્યા કર્મના બંધ-ઉદયમાં પરવશતા પામે છે.

કોઈ મહદ્ પુણ્યયોગે કર્મોના દબાવાથી, આત્માની ક્ષયોપશમશક્તિ વડે જીવ કર્મોને રોકવા અને નષ્ટ કરવાના ઉપાય યોજે છે, ત્યારે સત્પુરુષાર્થ વડે દેવાદિના અવલંબને મોક્ષમાર્ગમાં જોડાય છે.

સંસારમાં જીવને દુ:ખ પામવાનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનવશ જીવ સ્વધર્મ ચૂકે છે, તેથી દુ:ખ પામે છે. વાસ્તવપણે દુ:ખનું કારણ પાપ છે; અને પાપનું કારણ હિંસા છે, તેમ સમજાશે. સ્થૂલ કે સૂક્ષ્મ, જાણે કે અજાણે થતી હિંસા પરસ્પર વૈરભાવ વધારે છે અને તેથી દુ:ખ ભોગવવું પડે છે. માટે દુ:ખમુક્તિનો ઉપાય અહિંસા કહ્યો છે. આપણું શિક્ષણ અહિંસાથી શરૂ થવું જોઈએ, પણ સુખની ઈચ્છાવાળા ભૌતિક જગતનો માનવી અહિંસા જેવા તત્ત્વને વિસરી ગયો છે; કારણકે તેને જીવસૃષ્ટિનું જ્ઞાન નથી. પછી તેમનાં સુખદુ:ખનું ભાન તો ક્યાંથી જ હોય?

મોક્ષના અભિલાષી સુજ્ઞજને તો જીવવિચાર જેવા ગ્રંથોનો અભ્યાસ જરૂર કરવો. સદાચાર પાળવા, આવશ્યક ક્રિયાઓ કરવી, સત્સંગ - સ્વાધ્યાય અવશ્ય કરવાં.

હે ચેતન! સંસાર સમુદ્રની ચારે ગતિમાં અનંતકાળ ભટકયા પછી દુર્લભ એવું મનુષ્યપણું પ્રાપ્ત થયું છે.

શાસ્ત્રકારોએ જગતમાં ચાર વસ્તુ મંગળ અને દુર્લભ કહી છે. : મનુષ્યપણું, સદ્ગુરુનો બોધ-શ્રુતિ, શ્રદ્ધા અને સંયમ.

મનુષ્યપણું : શ્રવણ અને વાચા સહિત જેને વિચારશક્તિ મળી છે એવા મનુષ્ય પોતાનું આત્મહિત સાધી શકે છે, અને તે જ મનુષ્યત્વ છે.

સદ્ ગુરુ-બોધ : માનવસિવાય અન્ય જીવોને આવો બોધ પ્રાપ્ત થવો દુર્લભ છે. સંસાર પ્રેમીને તો એ અતિ દુર્લભ છે.

શ્રદ્ધા : આત્મશ્રેયની શ્રદ્ધારૂપ દર્શન જે સત્ દેવાદિના અવલંબનથી પ્રાપ્ત થાય છે.

સંયમ : એ તો સર્વકાળને માટે દુર્લભ છે.

પ્રારંભમાં કષ્ટદાયક પણ પરિણામે, અમૃત, એવો સંયમ, મનુષ્ય જન્મમાં સાધી શકાય છે. આ ચારે વસ્તુ ઉત્તરોઉત્તર દુર્લભ છે. અને જો તેનું માહાત્મ્ય આવે, તો આત્માને એ જ મંગળરૂપ છે.

આ કાળને વિશે ચાર ઉત્તમ વસ્તુનું માહાત્મ્ય સમજી જીવ સત્ પુરુષાર્થ કરે, તો મોક્ષના બીજભૂત 'સમ્યગ્ દર્શન' પામી, અનુક્રમે મુક્તિ અવશ્ય પામે.

**સંસારથી મુક્તિનો ઉપાય:**

સમ્યગ્ દર્શની જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને સતત સ્મરણમાં રાખતો હોય, આત્મા –પરમાત્મા કે સદ્ગુરુ સિવાય કાંઈપણ ગમતું જ ન હોય તેવો જીવ સંસારના પરિભ્રમણ નાશનો ઉપાય વિચારતો હોય છે જે એક આત્મજ્ઞાન છે, જે સમ્યગ્ દર્શન થતાં પ્રગટ થાય છે. આ સમ્યગ્ દશામાં જતો સાધક પાંચ લક્ષણો યુક્ત હોય છે.

## સમ્યગ્ દશાનાં પાંચ લક્ષણો:

(૧) શમ : ક્રોધાદિ કષાયોનું શમન–શાંત થવું. ઈન્દ્રિયોના વિષયોનું શાંત થવું. મિથ્યા કદાગ્રહનો ત્યાગ થવો. શાંતિનો અનુભવ થવો.

(૨) સંવેગ : માત્ર મોક્ષનો અભિલાષ. સાંસારિક પ્રલોભનોનો સહજ ત્યાગ, સમ્યગ્ પ્રકારનો ભાવ.

(૩) નિર્વેદ : વિષયોથી, સંસારભાવથી પાછા વળવું. સાંસારિક પ્રવૃતિકે વ્યવહારમાં ખેદ પામવો.

(૪) આસ્થા : સત્દેવ, સત્ ગુરુ, સત્ ધર્મમાં શ્રદ્ધા, જિનવર પ્રણીત તત્ત્વની યથાર્થ રુચિ. દયારૂપ ધર્મમાં શ્રદ્ધા.

(૫) અનુકંપા : સર્વ જીવો પ્રત્યે સમાન વૃત્તિ. વાત્સલ્યભાવનો આવિર્ભાવ. દુ:ખી જીવો સુખી થાય તેવી સક્રિય ભાવના.

સમ્યગ્ દશાનાં આ પાંચ લક્ષણોના પ્રગટ થવાથી જીવ સમ્યગ્ દર્શનને પામે છે. અર્થાત્ સમ્યગ્ દૃષ્ટિ આત્મામાં આ પાંચ ગુણો હોય છે.

*'સમકિત સાથે સગાઈ કીધી સપરિવાર – શું ગાઢી;*
*મિથ્યામતિ અપરાધણ જાણી ઘરથી બહારે કાઢી.'*

સમકિતીજીવ સંસારમાં રહે તો પણ કર્મનો બંધ અલ્પ કરે છે. જેનું તન સંસારમાં પણ મન મોક્ષમાં હોય છે. જે સંસારમાં રહેતો હોય પણ રમતો ન હોય, બધું વ્યવહારથી કરવું પડે તે કરે તે સમકિતી છે.

## સમકિતી આત્માનો પરિવાર:

| | | | |
|---|---|---|---|
| ૧. | નિ:શંક્તિ | ૫. | ઉપગૂહન |
| ૨. | નિકાંક્ષિત | ૬. | સ્થિરીકરણ |
| ૩. | નિર્વિતિગિચ્છા | ૭. | વાત્સલ્ય |
| ૪. | અમૂઢ દૃષ્ટિ | ૮. | પ્રભાવના |

નિ:શંકિત : સંશય રહિત, તત્ત્વનો શ્રદ્ધાવાન, નિર્ભય.

નિકાંક્ષિત : આકાંક્ષા રહિત, પરપદાર્થની અપેક્ષારહિત.

નિર્વિતિગિચ્છા : તિરસ્કાર –દ્વેષ રહિત, મધ્યસ્થ ભાવવાળો.

અમૂઢ દૃષ્ટિ : હિતાહિતના ભાનવાળો કુશાગ્ર (બુદ્ધિવાળો).

ઉપગૂહન : અન્યના દોષોને ઢાંકનાર, ગુણગ્રહણ–યુક્ત.

સ્થિરીકરણ : ધર્મથી ચ્યુત થતા જીવને શ્રદ્ધામાં સ્થિર કરનાર.

વાત્સલ્ય : જીવમાત્ર પ્રત્યે નિર્વૈર ભાવયુક્ત નિર્દોષ પ્રેમ.

પ્રભાવના : ધર્મના મર્મનો પ્રભાવક.

સમકિતી આત્માના જીવનમાં આ આઠ ગુણ અલ્પાધિકપણે અવશ્ય વર્તતા હોય છે,તેથી એ જીવ પોતે પણ જાણી શકે છે કે તેને માર્ગની પ્રાપ્તિ થઈ છે અને તેના સહવાસમાં આવતા જીવો પણ તેની નિશ્રામાં તેનો પરિચય ધર્મમાર્ગની રુચિપેદા કરાવે છે.

*સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।* તત્ત્વાર્થ સૂત્રઃ

જીવવિજ્ઞાનને જાણ્યા પછી, એ સમજવાનું છે કે પોતાના આત્મામાં આવો અનંત ગુણધર્મોવાળો ખજાનો પડ્યો છે, જે કેવળ સુખદાયી છે. તો પછી શા માટે તેણે આવી દુઃખદાયક યોનિઓમાં ભટકવું પડે? અન્ય યોનિમાં કે સ્થાનમાં તો તેને હિતાહિત વિચારવાનો અવકાશ નથી; પણ આ માનવદેહ, ઈન્દ્રિયની ક્ષમતા, બુદ્ધિબળ, ધર્મદેશનાના યોગ, સત્શાસ્ત્રની પ્રાપ્તિ, જિનભક્તિ, ગુરુની નિશ્રા, કંઈક સાધન-સંપન્નતા વગેરે મળવા છતાં, શા માટે સાચા સુખના સાધનાની સામગ્રીને સાધતો નથી?

હે ચેતન! એક વાર તારા નિધાનને જો. ન જણાય તો સદ્ગુરુ પાસેથી તેની ગુરુચાવી મેળવી લે. અંતર્મુખ થવાનો પ્રયાસ કર; તો તારું પરમ નિધાન જરૂર પ્રગટ થશે. સંસારમાં તો તું અનાદિ કાળથી ડૂબકીઓ મારતો જ આવ્યો છે. એક વાર તારા અંતરમા ડૂબકી લગાવ. તે પળે તને જે સુખ મળશે, તે અનન્ય અને અદ્ભૂત હશે. એ સમ્યક્ત્વ સુખનો અનુભવ થવા માત્રથી જગતના સર્વ આકર્ષણો સહજે છૂટી થશે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु